**મહે. લેબર કોર્ટ અમદાવાદના ન્યાયાધીશ (જે.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૯૧૨/૨૦૨૩**

**આંક–**

**ફરિયાદી:– સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટરશ્રી, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી:– ૧) શ્રી મનોજ સત્યનારાયણ બેરવા (માલીકશ્રી)**
મંગલ ટેક્ષટાઈલ્સ મીલ્સ (ઈ) લી.
એન/એફ, સત્યનારાયણ સોસાયટી,
ડી–કેબીન, ચાંદખેડા, અમદાવાદ.

**ગુન્હો:–લઘુતમ વેતન અધિનિયમની કલમ ૨૨(એ) મુજબ.**

**–: ચૂ કા દો :–**

**(૧)** આ કામના ફરીયાદી સરકારી શ્રમ અધિકારી, અમદાવાદ નાઓએ હાલની ફરીયાદ રજુ કરેલ, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ ફરીયાદી ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ રજૂ કરતા અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનુ સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીએ લઘુતમ વેતન ધારા અન્વયેના **ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧)** નો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ ૨૨(એ) હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ સદરહુ કેસમાં આરોપીને સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી આરોપીને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપીએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે,

પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **લઘુતમ વેતન અધિનિયમ અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળ જુદા જુદા નિયમોનો** ભંગ કરીને તે કાયદાની **કલમ ૨૨(એ)** મુજબનો ગુન્હો કરેલ છે. વધુમાં સદરહુ કાયદામાં રાજય સરકાર ધ્વારા સજાની જોગવાઈમાં સુધારો કરેલ, જે સુધારો તા.૩૦–૧૨–૧૫ ના રોજથી અમલમાં આવેલ છે, ત્યારે તે હકીકત ધ્યાને લેવી જરૂરી બને છે. વધુમાં હવે જયારે આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર *ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

<u>**–: હુકમ ::–**</u>

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **લઘુતમ વેતન અધિનિયમ અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળના નિયમ– ૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧)** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને પ્રત્યેક ભંગ બદલ રૂા.૨,૦૦૦/–× ૩ નિયમ× ૧ આરોપી તેમ કુલ મળીને **રૂા.૬,૦૦૦/–(અંકે રૂપિયા છ હજાર પુરા)**ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૯–૦૯–૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

**(એન.આર.વઘવાણી)**
**CODE : GJ01368**
**જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (જુનીયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**